# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-12-2025** **Day: Tuesday** **Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વ્યપાર:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર, FTA એ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવા માટેનો માર્ગ મોકળો કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, ભારત-ન્યુઝીલેન્ડ ભાગીદારી નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહી છે. તેમણે કહ્યું કે, ભારત વિવિધ ક્ષેત્રોમાં ન્યુઝીલેન્ડ તરફથી 20 અબજ ડોલરથી વધુના રોકાણનું સ્વાગત કરે છે.**

**તો વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર, FTA ને બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે. તેમણે ઉમેર્યું કે, FTA ચોક્કસપણે તમામ ક્ષેત્રોમાં વેપાર, રોકાણ અને આર્થિક સહયોગને વેગ આપશે.**

**------------------------------------------------------------------------------------------**

## જી-રામજી-કાયદો:

**દેશમાં વિકસિત ભારત–રોજગાર અને આજીવિકા મિશન–ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી નવો કાયદો બનાવાયો છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. તેમાં પરિવારના પુખ્તવયના અકુશળ સભ્યો કે, જેઓ શારીરિક શ્રમ કરવા તૈયાર છે તેમને વેતન અપાશે. કેન્દ્ર**

**અને રાજ્ય સરકાર વચ્ચે રકમની વહેંચણીનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાય તમામ રાજ્ય માટે 60 અને 40નો રહેશે.**

**------------------------------------------------------------------------------------------------**

## ગુજકોસ્ટ-પરીષદ:

**ગુજરાત વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદ – ગુજકોસ્ટ દ્વારા અમદાવાદમાં દેશની સૌથી મોટી ક્વૉન્ટમ વિજ્ઞાન સંચાર પરિષદનો પ્રારંભ કરાયો. સાયન્સ સિટી ખાતે યોજાયેલી બે દિવસની પરિષદનો પ્રારંભ કરાવતા વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગનાં સચિવ પી. ભારતીએ કહ્યું, આ પરિષદ ક્વૉન્ટમ વિજ્ઞાન અને ટેક્નોલૉજીની સમજ વધારવામાં મહત્વની સાબિત થશે. તેમજ આવા આયોજન ક્વૉન્ટમ વિજ્ઞાન અને ટૅક્નોલૉજીમાં ભારતની વ્યૂહરચનાને વધુ મજબૂત બનાવશે.**

**ઉલ્લેખનીય છે કે, આ પરિષદમાં દેશભરમાંથી 200 જેટલા વૈજ્ઞાનિક, સંશોધકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે.**

**------------------------------------------------------------------------------------------------**

## એસ.આઈ.આર કામગીરી:

**રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R.ની કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે ગઈકાલ સુધીમાં રાજ્યના 66 હજાર 232 નાગરિક પાસેથી ફૉર્મ 6 મળ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

**હવે આગામી 18 જાન્યુઆરી 2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધિત જે કંઈ વાંધા કે દાવા રજૂ કરવા માગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. તેના અનુસંધાને આખરી મતદાર યાદીમાં નામ ઉંમેરવા માટે રાજ્યભરમાંથી ફૉર્મ 6 મળ્યા છે. જ્યારે જેતે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ**

કમી કરવા 9 હજાર 966 નાગરિકો તરફથી ફૉર્મ 7 મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે કામગીરી કરાશે.

---

## જેટકો દ્વારા નવા પેટા મથક:

ગુજરાત ઊર્જા વહન નિગમ લિમિટેડ - જેટકો દ્વારા વર્ષ 2026-27માં કૃષિ વીજ પૂરવઠો પૂરો પાડવા અંદાજે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે પાંચ નવા પેટામથક બનાવાશે. તેમજ અંદાજે એક હજાર 100 સર્કિટ કિમી – CKMના ટ્રાન્સમિશન નેટવર્ક એટલે કે, વહન જોડાણને મજબૂત કરવાની પણ યોજના છે.

બીજી તરફ, કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના 98 ટકાથી વધુ ગામને દિવસે વીજળી મળે છે. હાલ 19 લાખથી વધુ ખેડૂત તેનો લાભ લઈ રહ્યા છે.

---

## બોર્ડની પરીક્ષા આવેદન પત્ર:

ધોરણ 10 અને 12 બૉર્ડની આગામી ફેબ્રુઆરી-માર્ચની જાહેર પરીક્ષાના આવેદનપત્ર લેઈટ ફી સાથે ઑનલાઈન ભરવાની છેલ્લી તારીખ લંબાવવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, ધોરણ 10 અને 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાના આવેદનપત્ર 24 ડિસેમ્બર સુધી કરી શકાશે.

---

## ભચાઉમાં કલામહાકુંભ-

ભચાઉમાં રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતનો પ્રદેશકક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો. 30 જેટલી કૃતિમાં 10 જિલ્લાના લગભગ ચાર હજાર સ્પર્ધકે પોતાનો હીર ઝળકાવ્યું હતું, જેમાં દરેક સ્પર્ધાના પ્રથમ બે વિજેતા રાજ્યકક્ષાએ ભાગ લેશે.

---

## આર્યુવેદિક હોસ્પિટલમાં દર્દીઓની ભીડ:

શહેરના સરપટ નાકા પાસે આવેલી આયુર્વેદિક હોમિયોપેથી હોસ્પિટલમાં હાલ મિશ્ર ઋતુના કારણે દર્દીઓની ભીડ જોવા મળે છે. અહીં પંચકર્મ સારવાર, યોગા, કડવું કરિયાતું વિ. સેવાઓ ઉપલબ્ધ છે. સવારે ઠંડી અને બપોરે ગરમી આ બે ઋતુને કારણે લોકોની તબિયત પર અસર જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અહીં પંચકર્મ સારવાર ફળદાયી હોવાથી ગામે ગામથી દર્દીઓ આવે છે. સરકાર દ્વારા આયુર્વેદિક દવાના ઉપયોગ માટે જનજાગૃતિ અભિયાન હેઠળ આડઅસર નહીંવત હોવાથી દર્દીઓ આયુર્વેદિક દવાનું સેવન કરતા થયા હોવાનું યાદીમાં જણાવાયું હતું.

---